# સહાયક પ્રધ્યાપક

સહાયક પ્રધ્યાપક (આસિસ્ટન્ટ પ્રોફેસર) સ્નાતક અને અનુસ્નાતક એમ બંને પ્રકારના વિદ્યાર્થીઓને ભણાવે છે જેઓ પોતાના એક વિશેષ ક્ષેત્રમાં આગળ વધી રહ્યા છે. તેમણે વિદ્યાર્થીઓ માટે દૈનિક પાઠ અને લક્ષ્યો તૈયાર કરવાના હોય છે, વિદ્યાર્થીઓને તેમની શૈક્ષણિક પ્રગતિ સાધવા અંગે માર્ગદર્શન પુરું પાડવું પડે છે. તેઓ વિવિધ પરિયોજનાઓમાં સંશોધન કરતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડે છે અને પરામર્શ પણ કરે છે.




## વ્યક્તિગત નિપુણતા

- તમે એક કુશળ સંવાદકર્તા છો
- તમને અધ્યાપન કાર્ય ગમે છે
- તમે નવી જવાબદારી લેવા માટે ઉત્સુક છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૫૦,૦૦૦ થી ૧,૫૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in**ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ૧૦+૨ પૂર્ણ કરો.

૨. તમારી પસંદગીના કોઈપણ વિષયમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો અને પછી તે જ વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

૩. સંબંધિત સ્પર્ધાત્મક પરીક્ષા જેમ કે યુ.જી.સી. નેટ (નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ)/ગેટ (એન્જિનિયરિંગમાં ગ્રેજ્યુએટ એપ્ટિટ્યુડ ટેસ્ટ)/સ્લેટ GPSC દ્વારા લેવાતી પરીક્ષા પાસ કરવાની રહે છે.

૪. પરીક્ષા પાસ કર્યા પછી અને સંબંધિત પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યા પછી, દેશભરની પ્રતિષ્ઠિત ભારતીય કોલેજો અને યુનિવર્સિટીઓમાં સહાયક પ્રધ્યાપકના પદ માટે અરજી કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહીં આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક સહાયક પ્રધ્યાપકનું અંદાજીત માસિક વેતન ૩૧,૦૮૩* જેટલું હોય છે.

સ્ત્રોત:https://www.payscale.com/research/IN/Employer=Assistant_Professor/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સરકારી અને ખાનગી કોલેજો, શાળાઓ અને કોચિંગ સંસ્થાઓ, શૈક્ષણિક સંશોધન કરતી સંસ્થાઓ.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સહાયક પ્રધ્યાપક તરીકે, તમારે વિદ્યાર્થીઓ અને સંશોધન તજજ્ઞો સાથે કામ કરવું પડશે. કામકાજના કલાકો નિશ્ચિત છે અને પૂર્ણ સમય અને અંશકાલિક બંને કામ માટે અવકાશ છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

આસિસ્ટન્ટ પ્રોફેસર → એસોસિયેટ પ્રોફેસર → પ્રોફેસર → એચ.ઓ.ડી. → કોલેજના પ્રિન્સિપાલ → વાઇસ ચાન્સેલર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ આર્ટ્સ/સાયન્સ/કોમર્સ વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આસામ યુનિવર્સિટી, આસામ
૨. નાલંદા યુનિવર્સિટી, બિહાર
૩. ગુરુ ઘાસીદાસ વિશ્વવિદ્યાલય, છત્તીસગઢ
૪. જામિયા મિલિયા ઇસ્લામિયા, નવી દિલ્હી
૫. કર્ણાટકની સેન્ટ્રલ યુનિવર્સિટી
૬. જાદવપુર યુનિવર્સિટી, કોલકાતા
૭. અલ્હાબાદ યુનિવર્સિટી, ઉત્તર પ્રદેશ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એસ.આર.એમ. યુનિવર્સિટી, આંધ્ર પ્રદેશ
૨. કાઝીરંગા યુનિવર્સિટી, આસામ
૩. કે.કે. યુનિવર્સિટી, બિહાર
૪. અમદાવાદ યુનિવર્સિટી, ગુજરાત
૫. એમિટી યુનિવર્સિટી, હરિયાણા
૬. ઝારખંડ યુનિવર્સિટી, રાંચી
૭. સંદીપ યુનિવર્સિટી, નાસિક
૮. ઝેવિયર યુનિવર્સિટી, ભુવનેશ્વર

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઇન્સ્ટિટ્યુટ**

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)

## સાફલ્ય ગાથા

**ઈન્દુ ચૌધરી** ઉત્તર પ્રદેશની બનારસ હિંદુ યુનિવર્સિટીમાં અંગ્રેજી વિભાગમાં સહાયક પ્રધ્યાપક છે. તેણીએ લખનૌ યુનિવર્સિટીમાંથી પી.એચ.ડી કર્યું છે. તે ભારતીય અને દલિત સાહિત્યમાં નિષ્ણાત છે.*

સ્રોત:https://bhu.irins.org/profile/109603#expertise_information_panel

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

આસિસ્ટન્ટ પ્રોફેસર, એસોસિયેટ પ્રોફેસર, ફેકલ્ટી

મને સ્કેન કરો

વેબસાઇટ પર જુઓ